ઈસ્લામી સંસ્કૃતિમાં રાજ્ય માટે સિદ્ધાંતો અને નીતિ-નિયમો

(૧) ઉમ્મતને શાસક ચૂંટવાનો અને તેની સુધારણા કરવાનો હક્ક છે :

ઉમ્મત (મુસ્લિમ સમુદાય)ને હક્ક છે કે તે પોતાના શાસકને પસંદ કરે અને તેની બૈત (શપથ) કરે, તેના શાસન અને તેના અધિકારોનું નિરીક્ષણ કરે. તેમને એ વાતનો પણ હક્ક છે કે તેઓ શાસકની સુધારણા કરે, જો તે સીધા માર્ગથી ભટકી જાય. પ્રત્યેક સમજદાર અને પુખ્ત મુસલમાનનો એ હક્ક છે કે તે શાસકની 'બૈત'માં સામેલ થાય. શાસકને ચૂંટવામાં કે પસંદ કરવામાં જે વસ્તુની જરૂર છે તે એ છે કે ઉમ્મતની બહુમતી યોગ્ય, બુદ્ધિશાળી અને સમજદાર લોકોની એક સમિતિ બનાવે, જેને પરિભાષામાં 'શૂરા' (પરામર્શ સમિતિ) કહે છે.

જરૂરી નથી કે ઈસ્લામી રાજ્યના શાસક રૂપે કોઈ વ્યક્તિ પર 'ઈજમાઅ' (સર્વ-સંમતિ) થઈ જાય. ઈતિહાસથી જાણવા મળે છે કે તમામ મુસલમાનોની કોઈ શાસકને ચૂંટવા કે પસંદ કરવા સર્વ-સંમતિ નથી થઈ. જેમ કે જે લોકોએ 'ખુલફાહે રાશિદીન' પર બૈત કરી, તેઓ મદીનાના લોકો અને મક્કાના કેટલાક લોકો હતા.

જો શાસકની અયોગ્યતા, નૈતિક બગાડ પુરવાર થઈ જાય, તો તેને પદભ્રષ્ટ કરી દેવામાં આવશે. પરંતુ તેના પહેલાં ઉમ્મતના નિખાલસ લોકો અને આલિમો (ઈસ્લામી વિદ્વાનો) જુદી-જુદી રીતે તેને શિખામણ આપશે, જેનાથી તે સત્ય તરફ પાછો આવી જાય. જો તેણે સત્ય વાતનો સ્વીકાર કરી લીધો અને તેના તરફ પાછો વળી ગયો, તો તેને પદભ્રષ્ટ કરવો જાઈઝ નથી. જો તે આલિમો અને શિખામણ કરવાવાળાઓની શિખામણ પર કાન ન ધરે, મુસલમાનોના હિતો તરફ ધ્યાન ન આપે તેમજ મુસલમાનોના અધિકારો અને તેમની ઈજ્જત-આબરૂની રક્ષા ન કરે, તો તેને પદભ્રષ્ટ કરી દેવો જાઈઝ છે, એ શરતે કે લોકો તેને પદભ્રષ્ટ કરવા માટે સમર્થ હોય, એવા કોઈ ફિત્ના (બગાડ અન. ઉપદ્રવ) વગર, જેમાં અસ્તિત્વની તુલનામાં વિનાશ વધારે હોય. જો શાસકને પદભ્રષ્ટ કરવામાં ખૂબ વધારે ઉપદ્રવ અને બરબાદીનો ભય હોય, તો તેના અત્યાચાર અને અતિરેક પર ધૈર્ય કરવું વધારે સારું છે.

(૨) શૂરા (પરામર્શ સમિતિ) :

શૂરા ઈસ્લામી રાજ્યનો એક મહત્ત્વનો અને પાયાનો સ્તંભ છે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

﴿ وَشَاوِرْهُمْ فِي الْأَمْرِ ﴾ آل عمران: ١٥٩

અનુવાદ : ''અને દીનના કામમાં તેમને પણ પરામર્શમાં સામેલ રાખો.'' (સૂરઃ આલેઈમરાન, આ.૧૫૯)

અલ્લાહ તઆલા એક બીજી જગ્યાએ ફરમાવે છે :

﴿ وَأَمْرُهُمْ شُورَىٰ بَيْنَهُمْ ﴾ الشورى: ٣٨

www.ilyazhi.com

અનુવાદ : ''પોતાના મામલાઓમાં પરસ્પર પરામર્શથી ચલાવે છે.'' (સૂરઃ શૂરા, આ.૩૮)

રસૂલુલ્લાહ ﷺ પોતાના સાથીઓથી ખૂબ વધારે સલાહ-મસ્લત કરતા હતા અને એ જ પ્રમાણે આપ ﷺ પછી ખુલફાએ રાશિદીન પણ વિદ્વાનો અને અનુભવી લોકોથી તમામ બાબતોમાં સલાહ લેતા હતા, જેમ કે વડા કે નેતાની પસંદગી, લશ્કરોની રવાનગી અને માલે-ગનીમત (યુદ્ધ-પશ્ચાત્ મળેલ માલસામાન)ની વહેંચણી વગેરે. એ લોકો એવા મામલાઓમાં, જેમાં કુર્આન અને હદીસથી કોઈ આદેશ ન મળે, તો ફુકહા (ઇસ્લામી ધર્મશાસ્ત્રીઓ)ની પાસે જતા હતા. હઝરત અબૂ બક્ર رضي الله عنه એ એક સમિતિ બનાવી હતી, જેમાં એવા મામલાઓને રજૂ કરવામાં આવતા હતા, જેમાં કુર્આનમાંથી કે સહીહ સુન્નતમાંથી કોઈ 'નસ' (સ્રોત) ન હોય, અને એ જ પ્રમાણે હઝરત ઉમર رضي الله عنه મોટા-અનુભવી અને વડીલ સહાબાઓને મદીનાથી બહાર જવાથી રોકતા હતા, જેથી તેઓ જરૂર પડ્યે તેમનાથી સલાહ-મસ્લત કરી શકે.

એ બાબતોમાં સલાહ-મસ્લત નહીં કરવામાં આવે, જેમાં કુર્આન અને સહીહ સુન્નતતી સ્પષ્ટ 'નસ' મળી જતી હોય, આવા મામલાઓમાં શૂરાનો કોઈ હસ્તક્ષેપ નહીં હોય. રસૂલુલ્લાહ ﷺ સલાહ-મસ્લત કરવાનો પ્રબંધ એવા મામલાઓમાં કરતા હતા, જેમાં કુર્આનથી કોઈ 'નસ' ન હોય અને ન આપની પાસે વહી અવતરિત થઈ હોય, જે આ મામલાની સમજૂતી અને સ્પષ્ટતા કરતી હોય. 'શૂરા' બે વસ્તુઓમાં થાય છે :—

૧ — મુસલમાન શાસકની ચૂંટણી કે પસંદગી કરવી, જે જવાબદારી અદા કરવા માટે સમર્થ હોય અને અલ્લાહના ગ્રંથ (કુર્આન) અને તેના રસૂલ ﷺ ની સુન્નત પર અમલ કરવા માટે તેની બૈત કરવી. જો બૈત પૂર્ણ થઈ જાય, તો તેનું આજ્ઞાપાલન અને અનુસરણ કોઈપણ પ્રકારની બળજબરી અને સંકોચ વગર આવશ્યક છે.

૨ — શાસક આપખુદ અને નિરંકુશ ન હોય, તો દરેક મુસલમાનનો હક્ક છે કે તે પૂર્ણ સ્વતંત્રતાની સાથે અને પૂરેપૂરી શક્તિથી-ભારપૂર્વક રાજ્યના મામલાઓમાં પોતાનો મત પ્રદર્શિત કરે. શાસક પર અનિવાર્ય છે કે તે તેની વાત ધ્યાનથી સાંભળે અને જો તેની વાત યોગ્ય છે, તો તેનાથી ફાયદો ઉઠાવે. આમ તો લોકોને પોતાનો મત પ્રદર્શિત કરવાનો અધિકાર છે, પરંતુ જરૂરી નથી કે શાસક મહત્ત્વની બાબતોમાં પ્રજાથી સલાહ-મસ્લત કરે, કેમ કે તેઓ મામલાનું સાચું અનુમાન કરી શકતા નથી, બલ્કે શાસક બુદ્ધિશાળી, અનુભવી અને સમજદાર લોકોથી સલાહ-મસ્લત કરશે, જેમનામાં સલાહ આપવાની યોગ્યતા હોય છે, જેમ કે જ્ઞાન, તકવા (અલ્લાહનો ડર) અને સંયમ, ઉત્તમ આયોજન અને વિચારવાની કાબેલિયત વગેરે.

બુદ્ધિશાળી અને સમજદાર લોકોથી અભિપ્રેત એ હોદ્દેદારો અને અધિકારીઓ, આલિમો, સૈન્યના વડાઓ અને બીજી બાબતોના આગેવાનો છે, જેમના પાસે સામાન્ય રૂપે લોકો જરૂરત વખતે અને સાર્વજનિક હિતોના મામલામાં જાય છે.

www.uzairfalahi.com

ઈસ્લામે ‘શૂરા’ પર ખૂબ ધ્યાન આપ્યું છે, કેમ કે સમાજ અને વ્યક્તિના જીવનમાં આની ખૂબ સારી અસરો પડે છે. તેમાંથી અમુક નીચે દર્શાવેલ છે :–

૧ – આ એ કાનૂન અનુસાર છે, જે ઈસ્લામે વ્યક્તિની પ્રતિષ્ઠા અને ગૌરવ તેમજ સામૂહિક હિતો હેઠળ તેના વ્યક્તિત્વના સ્વીકાર માટે બનાવેલ છે.

૨ – આ એ મામલાઓમાં સાચા મત સુધી પહોંચવાનો સુરક્ષિત ઉપાય છે, જે શૂરા હેઠળ આવે છે, અને શૂરાના માધ્યમથી શાસક પ્રજાની ભાવનાઓ અને તેમના અધિકારોનો આદર કરે છે, કેમ કે એ પણ શાસનમાં સામેલ છે.

૩ – આ પ્રજાના અધિકારોની રક્ષા કરે છે, શાસકની રીતભાત અને પદ્ધતિની સુધારણા કરે છે અને રાજ્યના મામલામાં તેમની દૃઢતા અને યોગ્ય ઉપાયો-યોજનાઓની બાંહેધરી આપે છે.

આ ઈસ્લામી શૂરાની વ્યવસ્થા છે અને સાચા અર્થમાં આ જ એ શૂરા છે, જે ભય વગર દરેક વ્યક્તિને પોતાનો મત પ્રદર્શિત કરવાની સ્વતંત્રતા આપે છે.

(૩) ન્યાય :

ઈસ્લામે ન્યાય અને ઈન્સાફનો આદેશ આપ્યો છે અને તેને ઈસ્લામી રાજ્યનો ઉદ્દેશ્ય ઠરાવેલ છે. ન્યાયનો અર્થ એ છે કે દરેક વ્યક્તિને કોઈ ઘટાડા વગર સંપૂર્ણ અધિકાર પ્રાપ્ત થાય. આ શાસકની જવાબદારી અને તેનું ઉત્તરદાયિત્વ છે. ઉમ્મત (મુસ્લિમ સમુદાય)ને એ વાતનો હક્ક છે કે તે શાસકનો હિસાબ કરે, જો તે કોઈના પર અન્યાય અને અત્યાચાર કરે. ન્યાય સમાનરૂપે મુસ્લિમ અને બિનમુસ્લિમના એ તમામ હક્કોને સમાવી લે છે, જે જાન-માલ, ઈજ્જત-આબરૂ અને સ્વતંત્રતા વગેરેથી સંબંધિત છે.

કુર્આને-કરીમમાં ઘણી આયતો ન્યાયનો સ્પષ્ટ નિર્દેશ કરે છે તથા અન્યાય અને અત્યાચાર તેમજ તેના દુષ્પરિણામથી ડરાવે છે. અલ્લાહ ત્આલા ફરમાવે છે :

﴿إِنَّ ٱللَّهَ يَأۡمُرُ بِٱلۡعَدۡلِ وَٱلۡإِحۡسَٰنِ وَإِيتَآيِٕ ذِي ٱلۡقُرۡبَىٰ وَيَنۡهَىٰ عَنِ ٱلۡفَحۡشَآءِ وَٱلۡمُنكَرِ وَٱلۡبَغۡيِۚ يَعِظُكُمۡ لَعَلَّكُمۡ تَذَكَّرُونَ ٩٠﴾ النحل: ٩٠

અનુવાદ : ‘‘અલ્લાહ ન્યાય અને ઉત્તમ નીતિ અને સદ્‌વ્યવહારનો આદેશ આપે છે અને નિર્લજ્જતા તથા અન્યાય-અત્યાચાર અને અતિરેકની મનાઈ કરે છે. તે તમને શિખામણ આપે છે, જેથી તમે બોધપાઠ ગ્રહણ કરો.’’ (સૂરઃ નહ્‌લ, આ.૯૦)

અલ્લાહના રસૂલ ﷺ એ ફરમાવ્યું :

www.uzairfalahi.com

«اتَّقُوْا الظُّلْمَ فَإِنَّ الظُّلْمَ ظُلُمَاتٌ يَوْمَ الْقِيَامَةِ»

અર્થાત્, અન્યાય અને અત્યાચારથી બચો, કેમ કે કયામતના દિવસે અન્યાયી અને અત્યાચારીને અંધકાર છે. (મુસ્લિમ)

ન્યાય એ છે કે કાનૂન બધા માટે સમાન હોય, પ્રતિષ્ઠિત અને નિમ્ન સ્તરના વ્યક્તિ વચ્ચે તેમજ ધનવાન અને ગરીબ વચ્ચે કોઈ ભેદ ન હોય, બધા ન્યાયના પાબંદ હોય. આ રીતે ન્યાય રાજ્યના અસ્તિત્વ અને તેની રક્ષા માટે મજબૂત આધાર સિદ્ધ થશે. ઈબ્ને તૈમિયા ﷺ એ ફરમાવ્યું : ''અલ્લાહ તઆલા ન્યાય-પ્રિય શાસનને બાકી રાખે છે, ભલે ને તે કાફિર જ કેમ ન હોય, તથા અન્યાયી અને અત્યચારી શાસનને સમાપ્ત કરી દે છે, ચાહે તે મુસ્લિમ શાસન જ કેમ ન હોય.''

ન્યાયની સ્થાપના માટે જરૂરી છે કે એક એવી શક્તિ હોય, જે તેની રક્ષા કરે અને ન્યાયનું શાસન હોય, ન કે તે પરાધીન હોય. તેથી હઝરત ઉમર બિન ખત્તાબ رضي الله عنه એ કાઝીઓ (ન્યાયાધીશો)ને, જેઓ ન્યાય કાયમ કરતા હતા, દરેક પ્રકારના હોદ્દાઓ અને જવાબદારીઓથી અલગ રાખતા હતા. આ ઈસ્લામી રાજ્યના સિદ્ધાંતોમાંથી એક મુખ્ય સિદ્ધાંત છે. જ્યારે હઝરત ઉમર رضي الله عنه ને ખલીફા બનાવવામાં આવ્યા અને ઈસ્લામી રાજ્ય દૂર-સુદૂર સુધી ફેલાઈ ગયું, તો તેમણે દરેક પ્રદેશ માટે એક સ્થાયી કાઝી નિયુક્ત કર્યો, ન્યાય વ્યવસ્થાને સુદૃઢ કરી અને બીજા વિભાગોથી તેને અલગ રાખી.

નિશ્ચિતપણે ન્યાય દરેક નાગરિકને તેની ધન-દોલત, ઈજ્જત-આબરૂ અને તમામ હક્કોના સંદર્ભમાં શાંતિ અને સલામતીની અનુભૂતિ કરાવે છે. ન્યાયના પરિણામે ગુનાઓનું પ્રમાણ ઓછું થાય છે. દરેક વ્યક્તિ નિશ્ચિત બનીને પોતાના કામમાં વ્યસ્ત રહે છે અને સમાજના નિર્માણ અને ઉન્નતિમાં ભાગ લે છે. ન્યાયના કારણે વ્યક્તિ પોતાના કામ અને પોતાની મહેનતનું ફળ પ્રાપ્ત કરે છે અને ભલાઈના કાર્યોમાં આગળ વધવાની કોશિશ કરે છે. ન્યાયથી સમાનતા અને બરાબરી કાયમ રહે છે અને લોકો પોતાની કોશિશો અને યોગ્યતાઓની રીતે આગળ વધે છે. ઈસ્લામે મુસલમાનોના જીવનમાં ન્યાયની સ્થાપના કરીને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

(૪) શાસકનું આજ્ઞાપાલન :

શાસકનું આજ્ઞાપાલન ઈસ્લામી રાજ્યના સિદ્ધાંતોમાંથી એક મહત્ત્વનો સિદ્ધાંત છે. શાસકનું આજ્ઞાપાલન ત્યાં સુધી કરવામાં આવશે, જ્યાં સુધી તે અલ્લાહની હદો અને કાનૂનોને લાગુ કરે અને ગુનાનો આદેશ ન આપે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

﴿ يَـٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوٓاْ أَطِيعُواْ ٱللَّهَ وَأَطِيعُواْ ٱلرَّسُولَ وَأُوْلِي ٱلْأَمْرِ مِنكُمْ ۖ ﴿٥٩﴾ ﴾ النساء: ٥٩

www.uzairfalahi.com

અનુવાદ : ''હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! આજ્ઞાપાલન કરો અલ્લાહનું અને આજ્ઞાપાલન કરો રસૂલનું અને એ લોકોનું જેઓ તમારા પૈકી આદેશ આપવાના અધિકારી હોય.'' (સૂરઃ નિસા, આ.૫૯)

મુસલમાન પર આવશ્યક છે, તેઓ શાસકની વાત સાંભળે અને તેનું આજ્ઞાપાલન કરે, ચાહે તેને પસંદ હોય કે નાપસંદ હોય, સિવાય કે તે તેમને ગુનાનો આદેશ આપે. જો શાસકે તેમને ગુનાનો આદેશ આપ્યો હોય, તો તેનું આજ્ઞાપાલન કરવામાં નહીં આવે. અલ્લાહના રસૂલ ﷺ ફરમાવ્યું :

«السَّمْعُ وَالطَّاعَةُ عَلَى الْمَرْءِ الْمُسْلِمِ فِيمَا أَحَبَّ وَكَرِهَ، مَا لَمْ يُؤْمَرْ بِمَعْصِيَةٍ، فَإِذَا أُمِرَ بِمَعْصِيَةٍ فَلَا سَمْعَ وَلَا طَاعَةَ»

અર્થાત્, મુસલમાન પર અમીર (વડા)નું આજ્ઞાપાલન એ વસ્તુઓમાં, જે પસંદ હોય કે નાપસંદ હોય, આવશ્યક છે, જ્યાં સુધી કે તે ગુનાનો આદેશ ન આપે. જ્યારે ગુનાની વાતનો આદેશ આપવામાં આવે, તો ન સાંભળવાનું છે અને ન આજ્ઞાપાલન કરવાનું છે. (બુખારી, મુસ્લિમ)

(૫) સ્વતંત્રતા :

ઈસ્લામે વ્યક્તિ-સ્વાતંત્ર્યનું ખૂબ ધ્યાન રાખ્યું છે અને કોઈને વિવશ નથી કર્યા કે તેઓ કોઈ વિશેષ ફિલસૂફીને અપનાવે કે કોઈ ખાસ વિચારધારા અને દૃષ્ટિકોણ અનુસાર પોતાનું જીવન પસાર કરે, બલ્કે ઈસ્લામી રાજ્યમાં દરેક વ્યક્તિને સંપૂર્ણ સ્વતંત્રતા છે કે તે પોતાના વિચાર અનુસાર જીવન-શૈલી અપનાવે, પોતાના મત અને અભિપ્રાયની અભિવ્યક્તિ કરે, એ શરતે કે બીજાઓની સ્વતંત્રતા તેના કારણે પ્રભાવિત ન થાય.

ધાર્મિક આસ્થાના મામલામાં ઈસ્લામે ઈસ્લામી રાજ્યના લોકોને સ્વતંત્રતા આપી છે કે તેઓ ગમે તે આસ્થાને અપનાવી શકે છે. આમ, ઈસ્લામી રાજ્યના રહેવાસી 'એહલે-કિતાબ' (ગ્રંથવાળાઓ)ને અધિકાર છે કે તેઓ પોતાની માન્યતા પર અમલ કરે અને તેમને તેનાથી કોઈ રોકશે નહીં. અલ્લાહ તઆલા ફરમાવે છે :

﴿ لَآ إِكۡرَاهَ فِي ٱلدِّينِۖ ﴿٢٥٦﴾ ﴾ البقرة: ٢٥٦

અનુવાદ : ''ધર્મના મામલામાં કોઈ બળજબરી નથી.'' (સૂરઃ બકરહ, આ.૨૫૬)

અલ્લાહ તઆલા એક બીજી જગ્યાએ ફરમાવે છે :

﴿ أَفَأَنتَ تُكۡرِهُ ٱلنَّاسَ حَتَّىٰ يَكُونُواْ مُؤۡمِنِينَ ﴿٩٩﴾ ﴾ يونس: ٩٩

અનુવાદ : ''પછી શું તું લોકોને વિવશ કરીશ કે તેઓ ઈમાનવાળા બની જાય.'' (સૂરઃ યૂનુસ, આ.૯૯)

ઈતિહાસની ખૂબ પ્રસિદ્ધ ઘટના છે કે હઝરત અમ્ર બિન આસ ﷺ ના પુત્રએ કિબ્તી મિસરી વ્યક્તિ સાથે સ્પર્ધા

www.uzairfalahi.com

કરી, તો મિસરી નવયુવાન જીતી ગયો, તેથી હઝરત અમ્ર બિન આસ ﷺ ના પુત્રએ તેને ખૂબ માર્યો. પછી આ મિસરી નવયુવાને મુસલમાનોના ખલીફા હઝરત ઉમર ﷺ ને આ વસ્તુની ફરિયાદ કરી. આપ ﷺ એ હઝરત અમ્ર બિન આસ ﷺ અને તેમના પુત્રને બોલાવ્યા અને આ નવયુવાનને આદેશ કર્યો કે હઝરત અમ્ર બિન આસ ﷺ ના પુત્રને તેના પિતાની સામે મારે અને પોતાનો બદલો લે, અને ખલીફાએ હઝરત અમ્ર બિન આસ ﷺ ને કહ્યું કે ક્યારથી તમે લોકોને ગુલામ બનાવી લીધા, જ્યારે કે તેમની માતાઓએ તો તેમને આઝાદ પેદા કર્યા હતા.

ઈસ્લામે બીજી ઘણી સ્વતંત્રતાઓ પણ આપી છે, જેમ કે નાગરિકતાની સ્વતંત્રતા, જેમાં વ્યક્તિ કરાર કરવા અને જવાબદારીનો સ્વીકાર કરવા માટે સ્વતંત્ર છે અને ઈસ્લામે સગીર બાળક અને પાગલને છોડીને દરેક વ્યક્તિને સ્વતંત્રતા આપી છે અને એ સ્વતંત્રતાઓમાંથી રાજકીય સ્વતંત્રતા અને વૈચારિક સ્વતંત્રતા પણ છે. ઈસ્લામમાં સ્વતંત્રતાનો અર્થ એ છે કે તે ઈસ્લામના મૂળભૂત અધિકારો અને સિદ્ધાંતોથી ન ટકરાય અને ન તેનાથી બીજાઓની સ્વતંત્રતાને ઠેસ પહોંચતી હોય.

www.uzairfalahi.com